Bhakta Kavi Narsinh Mehta University
C/o, Govt. Polytechnic College, Bilkha Road, Khadiya
Junagadh (Gujarat-India)
Ph.(0)0285-2681400 / Fax : 0285-2681401
Email : registrar@bknmu.edu.in

તા.૧૮/૧/૨૦૧૭

પરિપત્ર :-

**વિષય : કોલેજ કક્ષાએ થેલેસેમિયા ટેસ્ટ ફરજીયાત કરવા બાબત.**
**સંદર્ભ : નં.ગ/EMRI/થેલેસેમિયા/જાગૃતતા/૧૭**

આથી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા સંચાલકશ્રીઓ, માન્ય સંસ્થાના વડાઓશ્રીઓ,પી.જી.સેન્ટર્સના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે થેલેસેમિયા મેજર બાળકનો જન્મ અટકાવવા માટે જાગૃતતાની ખુબ જ આવશ્યકતા છે. થેલેસેમિયા મેજર બાળકનો જન્મ અટકાવવા માટે એ જરૂરી છે કે લગ્નવયે પહોંચેલ દરેક યુવક અને યુવતીની સગાઈ પહેલાં જ થેલેસેમિયા-પરીક્ષણ થાય. આ પરીક્ષણના પરિણામે જે યુવક કે યુવતી થેલેસેમિયા માઈનર છે તેની જાણ થાય ત્યારે ચિંતાનું કોઈ કારણ નથી, કેમ કે થેલેસેમિયા માઈનર એ કોઈ રોગ નથી. તે માત્ર તે વ્યકિતની તાસીર છે. પણ થેલેસેમિયા માઈનર વ્યકિતના લગ્ન અન્ય થેલેસેમિયા માઈનર સાથે થાય, તો થેલેસેમિયા મેજર બાળકોનો જન્મ થાય.

ઉકત બાબતને ધ્યાને લઈ થેલેસેમિયા મેજર બાળકનું જન્મ અટકાવવા માટે ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ થેલેસેમિયા ટેસ્ટ કરાવવાનું રહેશે અને તેનો રીપોર્ટ અત્રેની યુનિવર્સિટીને હાર્ડકોપીમાં એકેડેમીક વર્ષ ૨૦૧૬-૧૭ પૂર્ણ થાય તે પહેલા પહોંચાડવાનો રહેશે. જેની સર્વેએ નોંધ લેવી.

આપનો વિશ્વાસુ,

ઈ.ચા.રજીસ્ટ્રારશ્રી

**જાહેર ક્રમાંક :** બીકેએનએમયુ/રજી/ ૨૪૧/૨૦૧૭
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કોલેજ કેમ્પસ,
બિલખા રોડ, ખડીયા ,જુનાગઢ.
તા.૧૮/૧/૨૦૧૭

**પ્રતિ** :- આ યુનિનવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા સંચાલકશ્રીઓ, માન્ય સંસ્થાના વડાઓશ્રીઓ, પી.જી. સેન્ટર્સના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓને.

**નકલ સાદર રવાના :**
૧) માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ...
૨) કમિશ્નર,આરોગ્ય,તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ બ્લક નં-૫, ડો. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર.
૩) વિવેકાનંદ યુથ કલબ, "સત્યમ" ટાગોર નગર,શેરી નં.૩, સૌરાષ્ટ્ર હાઈસ્કુલ પાસે, કાલાવડ રોડ, રાજકોટ.
૪) કોમ્પ્યુટર સેન્ટર - વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે.